| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફોન નં. ૬૩૫૯૯૦૬૮૯૧ | | એફોર્ડેબલ હાઉસીગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ધાસ્તીપુરા, સુરત–૩. |

**<u>અપીલ અરજી નં. ૦૧/૨૫–૨૬</u>**

**અરજદાર :** શ્રી પરિક્ષીત ભીમજીભાઈ રાઠોડ

**સામાવાળા :** સેકશન ઓફીસર ( એફોર્ડેબલ હાઉસીગ સેલ ) અને જાહેર માહિતી અધિકારી.

**<u>ફરીયાદની હકીકત :–</u>**

**વિષય:–** અરજદારશ્રી પરિક્ષીત ભીમજીભાઈ રાઠોડ ની આર.ટી.આઈ. એકટ હેઠળની તા.૧૦/૦૨/૨૦૨૫ ની અરજી આઈ.ડી.નં.–૪૬૬ (મધ્યસ્થ કચેરી) સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભ:–** અરજદાર મજકુરની તા. ૧૬/૦૪/૨૦૨૫ની અપીલ અરજી નં.**No.SMC/AFO/FAP/01/25-26.**

અરજદાર શ્રી પરિક્ષીત ભીમજીભાઈ રાઠોડ એ તેઓની મુળ અરજી તા.૧૦/૦૨/૨૦૨૫ના રોજ કરેલ આઈ.ડી.નં. ૪૬૬(મધ્યસ્થ કચેરી) થી મુદ્દા નં.૧ અને ૨ ની માહિતી માંગેલ. સદર મૂળ અરજી જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક મધ્યસ્થ કચેરી ધ્વારા જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી અઠવા ઝોન, જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી એફોર્ડેબલ હાઉસીગ સેલ તેમજ જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનરશ્રી ટાઉન પ્લાનીગ ડિપાર્ટમેન્ટને તબદીલ કરવામાં આવેલ. જે માહિતી સંદર્ભે એફોર્ડેબલ હાઉસીગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીગ સેલ) દ્વારા પત્ર નં .એફો.હા.સેલ/૨૪૩૬ તા.૦૧/૦૩/૨૦૨૫ થી નમુના–ગ માં દર્શાવ્યા મુજબ જવાબ/પુર્તતા પુરી પાડવામાં આવેલ છે.

ઉપરોક્ત પત્ર નં એફો.હા.સેલ/૨૪૩૬ તા.૦૧/૦૩/૨૦૨૫ થી નમુના–ગ મુજબની પૂરી પાડવામાં આવેલ માહિતી સંદર્ભે અરજદાર દ્વારા અપીલ તબકકે આપેલ ફરીયાદ અરજી પર મુળ અરજીથી માંગવામાં આવેલ માહિતી સંદર્ભે મુદા નં. ૧ અને ૨ ની પુર્તતા થી નારાજ થઈ સુરત મહાનગરપાલિકા હેઠળ રાત્રી બજારની દુકાનો તથા સુમન આવાસની દુકાનોની માંગેલ માહિતી નીલ અને અધુરી આપવામાં આવેલ છે. તેમ જણાવી પ્રથમ અપીલ દાખલ કરેલ છે.

પ્રથમ અપીલ કરી દાદ માંગેલ છે. જે લાગત રજુઆત બાબતે ખાતાકીય પૂર્તતા દર્શાવ્યા મુજબ છે.

| અ.નં. | અરજદારની માંગેલ માહિતી | અત્રેના ખાતાની ખાતાકીય પૂર્તતા |
|---|---|---|
| ૧ | સુરત મહાનગરપાલિકા હેઠળ આવેલ રાત્રી બજારની દુકાનો તથા સુમન આવાસમાં આવેલી દુકાનો જેમાં તારીખ ૨૨/૧૦/૧૯૮૬ ના પરિપત્ર નં./નપલ/૪૫૮૫/સી.એમ/૩૮૯(૮૬) મ શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગ સચિવાલય ગાંધીનગરના પરિપત્ર અનુસાર સુરત મહાનગરપાલિકા તરફથી બંધાતી દુકાનો સ્ટોલ પૈકી ઓછામાં ઓછી ૧૦ % સુધીનો હિસ્સો અનુસુચીત જનજાતિના સભ્યો માટે અનામત રાખી તેમને વ્યાજબી દરે આપવા માટે ખાસ પ્રકારનું ધોરણ સુરત મહાનગરપાલિકામાં અમલમાં મુકેલ હોય તેવા ઈસમો અનુસુચીત જનજાતિ પૈકીના ઈસમોની હુકમની નકલ સહી સિકકાવાળી પ્રમાણીત નકલ પુરી પાડવા બાબતે. | અરજદારની મુળ અરજીથી મુદ્દા નં.૧ અને ૨ સદર માહિતી માંગેલ. જે માહિતી સંદર્ભે એફોર્ડેબલ હાઉસીગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીગ સેલ) દ્વારા અત્રેના પત્ર નં .એફો.હા.સેલ/૨૪૩૬ તા.૦૧/૦૩/૨૦૨૫ થી નમુના–ગ માં જવાબ/પુર્તતા પાઠવવામાં આવેલ.<br><br>અરજદાર ધ્વારા માંગવામાં આવેલ સદર અપીલ અરજીના મુદા તબકકે સુરત મહાનગરપાલિકાના એફોર્ડેબલ હાઉસીગ સેલ અંતર્ગત મુખ્યમંત્રી ગૃહ યોજના તેમજ પ્રધાનમંત્રી આવાસ યોજનાના આવાસની ફાળવણી કરવામાં આવે છે. દુકાન અન્વયેની કોઈ કામગીરી અત્રેના ખાતા ધ્વારા કરવામાં આવતી ન હોવાથી માંગેલ માહિતી અત્રેના ખાતાને લાગત ન હોય, અત્રેના ખાતાની રેકર્ડ આધારિત માહિતી "નીલ" છે. સદર અપીલ તબકકે અરજદારની અપીલ ધ્યાને લઈ અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસર એફોર્ડેબલ હાઉસીગ સેલ દ્વારા અત્રેના પત્ર નં. એફો.હા.સેલ/૧૩૧ તા.૨૧/૦૪/૨૦૨૫ થી તા.૨૫/૦૪/૨૦૨૫ ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે એફોર્ડેબલ હાઉસીગ સેલ ખાતે હાજર રહેવા જણાવેલ. જેમા અરજદાર શ્રી પરિક્ષીત ભીમજીભાઈ રાઠોડ હાજર રહયા ન હતા. |
| ૨ | સુરત મહાનગરપાલિકા હેઠળ આવેલ રાત્રી બજારની દુકાનો તથા સુમન આવાસમાં આવેલી દુકાનો જેમાં તારીખ ૧૫/૧૨/૧૯૭૬ ના પરિપત્ર નં./પી.એમ.સી/૭૯૭૬/૭૫૨૮/પીપંચાયત ગૃહનિર્માણ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ સચિવાલય ગાંધીનગરના પરિપત્ર અનુસાર સુરત મહાનગરપાલિકા તરફથી બંધાતી દુકાનો સ્ટોલ પૈકી ઓછામાં ઓછી ૧૦% સુધીનો હિસ્સો અનુસુચીત જાતિના સભ્યો માટે અનામત રાખી તેમને વ્યાજબી દરે આપવા માટે ખાસ પ્રકારનું ધોરણ સુરત મહાનગરપાલિકામાં અમલમાં મુકેલ હોય તેવા ઈસમો અનુસુચીત જનજાતિ પૈકીના ઈસમોની હુકમની નકલ સહી સિકકાવાળી પ્રમાણીત નકલ પુરી પાડવા બાબતે. | |

| | | | |
|---|---|---|---|
| | ફોન નં. ૬૩૫૯૯૦૬૮૯૧ | | એફોર્ડેબલ હાઉસીંગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ઘાસ્તીપુરા, સુરત–૩. |


**–: હુ ક મ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

ઉપરોક્ત હકીકત ધ્યાને લેતા મજકુર અરજદાર દ્રારા માંગવામાં આવેલ માહિતી પરત્વે સુરત મહાનગરપાલિકાના એફોર્ડેબલ હાઉસીંગ સેલ અંતર્ગત મુખ્યમંત્રી ગૃહ યોજના તેમજ પ્રધાનમંત્રી આવાસ યોજનાના આવાસની ફાળવણી કરવામાં આવે છે. રાત્રી બજારની દુકાનો તથા સુમન આવાસની દુકાનો અન્વયેની કોઈ કામગીરી અત્રેના ખાતા ધ્વારા કરવામાં આવતી નથી. જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીંગ સેલ) દ્વારા અત્રેના પત્ર નં. એફો.હા.સેલ/૨૪૩૬ તા.૦૧/૦૩/૨૦૨૫ થી નમુના–ગ માં જવાબ/પુર્તતા પાઠવવામાં આવેલ. તેમજ સદર અપીલ તબકકે અરજદારની અપીલ ધ્યાને લઈ અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસર એફોર્ડેબલ હાઉસીંગ સેલ દ્વારા અત્રેના પત્ર નં. એફો.હા.સેલ/૧૩૧ તા.૨૧/૦૪/૨૦૨૫ થી તા.૨૫/૦૪/૨૦૨૫ ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે એફોર્ડેબલ હાઉસીગ સેલ ખાતે હાજર રહેવા જણાવેલ. જેમા અરજદાર શ્રી પરિક્ષીત ભીમજીભાઈ રાઠોડ હાજર રહયા ન હતા. સદર હકીકત ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(એર્ફોડેબલ હાઉસીગ સેલ) ધ્વારા પુરી પાડવામાં આવેલ મુદા નં ૧ અને ૨ ની માહિતી/પુર્તતા યોગ્ય અને નિયમાનુંસારની જણાતી હોય, પ્રસ્તુત અપીલ અરજી પરત્વે વધુ કોઈ માહિતી પુરી પાડવાની કે કાર્યવાહી કરવાનું જરુરી જણાતુ નહી હોય અપીલ અરજી દફતરે કરી નિકાલ કરવામાં આવે છે.

વધુમાં આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

એફો.હા.સેલ. આ.નં./૨૩૬
તા.૨૮ /૦૪/૨૦૨૫

**( એમ.પી. ભીટોરા )**
**એપેલેટ અધિકારી અને**
**પર્સોનેલ ઓફીસર,**
**એફોર્ડેબલ હાઉસીગ સેલ**

**નકલ રવાનાઃ** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફો.હા.સેલ) પ્રતિ...... જાણ માટે.
**નકલ રવાનાઃ** નોડલ ઓફિસરશ્રી (આર.ટી.આઈ.સેલ) પ્રતિ.... જાણ માટે.
**નકલ રવાનાઃ** શ્રી પરિક્ષીત ભીમજીભાઈ રાઠોડ .......પ્રતિ.... જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફોન નં. ૬૩૫૯૯૦૬૮૯૧ | | એફોર્ડેબલ હાઉસીગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ધાસ્તીપુરા, સુરત–૩. |

**અપીલ અરજી નં. ૦૨/૨૫–૨૬**

**અરજદાર :** શ્રી સોમીબેન અશોકભાઈ રાઠોડ અને કિશન અશોકભાઈ રાઠોડ
**સામાવાળા :** સેકશન ઓફીસર ( એફોર્ડેબલ હાઉસીગ સેલ ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ**– અરજદારશ્રી સોમીબેન અશોકભાઈ રાઠોડ અને કિશન અશોકભાઈ રાઠોડ ની આર.ટી.આઈ. એકટ હેઠળની તા.૧૭/૦૩/૨૦૨૫ ની અરજી આઈ.ડી.નં.–૭૯ (એફોર્ડેબલ હાઉસીગ સેલ) સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભ**:– અરજદાર મજકુરની તા. ૦૩/૦૫/૨૦૨૫ની અપીલ અરજી નં.**No.SMC/AFO/FAP/02/25-26.**

અરજદાર શ્રી સોમીબેન અશોકભાઈ રાઠોડ અને કિશન અશોકભાઈ રાઠોડ એ તેઓની મુળ અરજી તા.૧૭/૦૩/૨૦૨૫ના રોજ કરેલ આઈ.ડી.નં. ૭૯ (એફોર્ડેબલ હાઉસીગ સેલ) થી મુદ્દા નં.૧ ની માહિતી માંગેલ. સદર માંગવામાં આવેલ માહિતી સંદર્ભે એફોર્ડેબલ હાઉસીગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીગ સેલ) દ્વારા પત્ર નં .એફો.હા.સેલ/૨૭૮૩ તા.૨૭/૦૩/૨૦૨૫ થી નમુના–ગ માં દર્શાવ્યા મુજબ જવાબ/પુર્તતા નિયત સમય મર્યાદામાં પુરી પાડવામાં આવેલ છે.

ઉપરોકત નમુના–ગ થી પૂરી પાડવામાં આવેલ માહિતી સંદર્ભે અરજદાર દ્વારા અપીલ તબકકે આપેલ ફરીયાદ અરજી પર મુળ અરજીથી માંગવામાં આવેલ માહિતી સંદર્ભે પૂરી પાડવામાં આવેલ પુર્તતા થી નારાજ થઈ માંગ્યા મુજબની સાચી માહિતી આપવામાં આવી નથી તેમ જણાવી પ્રથમ અપીલ દાખલ કરેલ છે.

પ્રથમ અપીલ કરી દાદ માંગેલ છે. જે લાગત રજુઆત બાબતે ખાતાકીય પૂર્તતા નીચે દર્શાવ્યા મુજબ છે.

ઉપરોકત અપીલ સંદર્ભે અત્રેના પત્ર નં.એફો.હા.સેલ.આ.નં.૩૬૦ તા.૦૫/૦૫/૨૦૨૫ના રોજ પત્ર પાઠવી તા.૦૯/૦૫/૨૦૨૫ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે અત્રેની કચેરીએ અપીલ અધિકારી સમક્ષ રૂબરૂ સુનવણી રાખવામાં આવેલ. જે અન્વયે અરજદારે પોતાની રજુઆત નીચે મુજબ રજુ કરેલ છે.

| **અપીલ સુનવણી તબકકે અરજદારની રજુઆત** |
|---|
| આપવામાં આવેલ જવાબની પુરતી સમજ આપવામાં આવેલ છે તેમજ પિતા સાથે અણબનાવ હોય સાથે રહેતા ન હોય છુટા થવા અંગેની કાર્યવાહી ચાલે છે જેથી ડી.ડી.નો સ્વીકાર કરવામાં આવ્યો નથી જેની પુરતી સમજણ આપવામાં આવેલ છે. |

| **અપીલ તબકકે પુર્તતા** |
|---|
| અરજદાર ધ્વારા માંગવામાં આવેલ ઉપરોકત અપીલ તબકકેની માહિતી સંદર્ભે સ્ત્રી અરજદારના કુટુંબના સભ્ય એવા તેમના પતિ નામે અશોકભાઈ છોટુભાઈ રાઠોડના મકાન ફ્લેટ નં.૮, બ્લોક નં.A/3, EWS કવાટર્સ, ટી.પી.નં.૪, એફ.પી. નં.૧૩૪ વાળી મિલ્કત હોય, અરજદારે પ્રધાનમંત્રી આવાસ યોજના (ફેઝ–૭) અંતર્ગત અરજી ફોર્મની શરત નંબર–૬ (કુટુંબના કોઈપણ સભ્યના નામે ભારત દેશમાં પાકું મકાન હોવું જોઈએ નહી તથા જમીન અથવા પ્લોટ હોવો જોઈએ નહી.) તેમજ બાંહેધરી નંબર–૧ (ભારત દેશમાં પાકું મકાન જમીનનો પ્લોટ મારા કે/મારી પત્ની/પતિ કે કુટુંબના કોઈપણ સભ્યના નામે રહેણાંકનું આવાસ, ફ્લેટ કે જમીનનો પ્લોટ સરકારી કાયદા હેઠળ કોઈ કો.ઓ.સોસાયટીમાં કે અન્ય રીતે ભાડા ખરીદ યોજના હેઠળ માલિકનું ઘર, ફ્લેટ, જમીનનો પ્લોટ નથી.) નો ભંગ કરેલ હોય, જેથી આપની ફાળવણી હોલ્ડ પર રાખેલ હોવાથી, ડીમાન્ડ ડ્રાફટનો સ્વીકાર કરવામાં આવેલ નથી. |

| | | | |
|---|---|---|---|
| | ફોન નં. ૬૩૫૯૯૦૬૮૯૧ | | એફોર્ડેબલ હાઉસીંગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ધાસ્તીપુરા, સુરત–૩. |

**–: હુ ક મ :–**

આપની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

ઉપરોકત હકીકત ધ્યાને લેતા મજકુર ધ્વારા માંગવામાં આવેલ અરજીની માહિતીના મુદ્દાની વિગત જોતા માંગવામાં આવેલ માહિતી સંદર્ભે એફોર્ડેબલ હાઉસીંગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર દ્વારા લાગત માહિતી માટે પત્ર નં એફો.હા.સેલ/૨૭૮૩ તા.૨૭/૦૩/૨૦૨૫ થી નમુના–ગ થી માહિતી/પુર્તતા પુરી પાડવામાં આવેલ, સદર મુદા અન્વયે અરજદારને રૂબરૂ સુનાવણી દરમ્યાન અપીલ અરજી તેમજ અપીલ સુનવણી તબકકેની રજુઆત બાબતે વિસ્તૃત ચર્ચા/વિચારણા કરી પુરતી સમજ આપવામાં આવેલ. તેમજ પ્રધાનમંત્રી આવાસ યોજના (ફેઝ–૭) અંતર્ગત અરજી ફોર્મ નં.૩૬૨૭૧૦ ના પાના નં.૫ ઉપર મુદા નં.૨૨ ના અરજદારના કુટુંબના સભ્યોની વિગતમાં તેમજ મુદા નં.૨૩ ના કુંટુંબના સભ્યોના તાજેતરના ફોટામાં અશોકભાઈ છોટુભાઈ રાઠોડ સામેલ હોય, પતિ/પિતા સાથે અણબનાવનો અરજી ફોર્મમાં કોઈ ઉલ્લેખ કરવામાં આવેલ નથી. સ્ત્રી અરજદારના કુટુંબના સભ્ય એવા તેમના પતિ નામે અશોકભાઈ છોટુભાઈ રાઠોડના મકાન ફલેટ નં.૮, બ્લોક નં.A/3, EWS કવાટર્સ, ટી.પી.નં.૪, એફ.પી.નં.૧૩૪ વાળી મિલ્કત હોય, આપની ફાળવણી હોલ્ડ પર રાખેલ હોવાથી, ડીમાન્ડ ડ્રાફટનો સ્વીકાર કરવામાં આવેલ નથી. જે ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(એર્ફોડેબલ હાઉસીગ સેલ) ધ્વારા પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય અને નિયમાનુંસારની જણાતી હોય, પ્રસ્તુત અપીલ અરજી પરત્વે વધુ કોઈ માહિતી પુરી પાડવાની કે કાર્યવાહી કરવાનું જરુરી જણાતુ નહી હોય અપીલ અરજી દફતરે કરી નિકાલ કરવામાં આવે છે.

વધુમાં આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

એફો.હા.સેલ. આ.નં./૪૧૯
તા.૧૩/૦૫/૨૦૨૫

**( એમ.પી. ભીટોરા )**
**એપેલેટ અધિકારી અને**
**પર્સોનેલ ઓફીસર,**
**એફોર્ડેબલ હાઉસીંગ સેલ**

**નકલ રવાનાઃ** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફો.હા.સેલ) પ્રતિ...... જાણ માટે.
**નકલ રવાનાઃ** નોડલ ઓફિસરશ્રી (આર.ટી.આઈ.સેલ) પ્રતિ.... જાણ માટે.
**નકલ રવાનાઃ** શ્રી સોમીબેન અશોકભાઈ રાઠોડ અને કિશન અશોકભાઈ રાઠોડ.......પ્રતિ.... જાણ માટે.

| | ફોન નં. ૬૩૫૯૯૦૬૮૯૧ | | એફોર્ડેબલ હાઉસીગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ઘાસ્તીપુરા, સુરત–૩. |
|---|---|---|---|

**અપીલ અરજી નં. ૦૩/૨૫–૨૬**

**અરજદાર :** શ્રી રાહુલ રાજુભાઈ સુરાસે

**સામાવાળા :** સેકશન ઓફીસર ( એફોર્ડેબલ હાઉસીગ સેલ ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ**– અરજદારશ્રી રાહુલ રાજુભાઈ સુરાસે ની આર.ટી.આઈ. એકટ હેઠળની તા.૩૦/૦૯/૨૦૨૫ ની અરજી આઈ.ડી.નં.–૨૩૯ (સાઉથ વેસ્ટ ઝોન–અઠવા) સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ**– અરજદાર મજકુરની તા. ૨૭/૧૦/૨૦૨૫ની અપીલ અરજી નં.**No.SMC/SWZ/FAP/NO.029/2025-26**

અરજદાર શ્રી રાહુલ રાજુભાઈ સુરાસે એ તેઓની મુળ અરજી તા.૩૦/૦૯/૨૦૨૫ના રોજ કરેલ આઈ.ડી.નં. ૨૩૯ (સાઉથ વેસ્ટ ઝોન–અઠવા) થી મુદ્દા નં.૧ ની માહિતી માંગેલ. સદર માંગવામાં આવેલ માહિતી સંદર્ભે એફોર્ડેબલ હાઉસીગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીગ સેલ) દ્વારા પત્ર નં .એફો.હા.સેલ/૧૭૫૧ તા.૧૬/૧૦/૨૦૨૫ થી નમુના–ગ માં દર્શાવ્યા મુજબ જવાબ/પુર્તતા નિયત સમય મર્યાદામાં પુરી પાડવામાં આવેલ છે.

ઉપરોકત નમુના–ગ થી પૂરી પાડવામાં આવેલ માહિતી સંદર્ભે અરજદાર દ્વારા અપીલ તબકકે આપેલ ફરીયાદ અરજી પર મુળ અરજીથી માંગવામાં આવેલ માહિતી સંદર્ભે પૂરી પાડવામાં આવેલ પુર્તતા થી નારાજ થઈ પ્રથમ અરજીમાં માંગેલ માહિતી મુજબ પૂરેપૂરી માહિતી મળી નથી. તેમ જણાવી પ્રથમ અપીલ દાખલ કરેલ છે.

પ્રથમ અપીલ કરી દાદ માંગેલ છે. જે લાગત રજુઆત બાબતે ખાતાકીય પૂર્તતા દર્શાવ્યા નીચે મુજબ છે.

| અપીલ તબકકે અરજદારની રજુઆત |
|---|
| પ્રધાનમંત્રી આવાસ યોજના, EWS-II (Phase-iii,iv,v) યોજના અંતર્ગત સ્કીમ નંબર EWS-૪૪ સુમન સ્મિત ટી.પી.સ્કીમ નંબર–૪૩(ભીમરાડ) માં ફાળવાયેલ ફલેટના લાભાર્થીની વિગત. જેમ કે નામ, જાતિ (GEN,SC,ST,OBC), ફલેટ નંબર, ફોર્મ અરજી નંબર તથા ID નંબર.<br>માંગેલ માહિતી નો સમયગાળોઃ– EWS-૪૪ સુમન સ્મિત ટી.પી.સ્કીમ નંબર–૪૩ નો પ્રથમ કોમ્પ્યુટરાઈઝડ ડ્રો થયાના આજ દિન સુધી |

ઉપરોકત અપીલ સંદર્ભે અત્રેના પત્ર નં.એફો.હા.સેલ.આ.નં.૧૮૫૪ તા.૧૮/૧૧/૨૦૨૫ના રોજ પત્ર પાઠવી તા.૨૫/૧૧/૨૦૨૫ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે અત્રેની કચેરીએ અપીલ અધિકારી સમક્ષ રૂબરૂ સુનવણી રાખવામાં આવેલ. જે અન્વયે અરજદારે પોતાની રજુઆત નીચે મુજબ રજુ કરેલ છે.

| અપીલ સુનવણી તબકકે અરજદારની રજુઆત |
|---|
| આપશ્રીને જણાવવાનું કે આપશ્રી એ મારી અરજી મુજબ જે માહિતી આપેલ છે તે બરાબર છે. |

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફોન નં. ૬૩૫૯૯૦૬૮૯૧ | | એફોર્ડેબલ હાઉસીગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ધાસ્તીપુરા, સુરત–૩. |


| અપીલ તબકકે પુર્તતા |
|---|
| આપના ધ્વારા **મૂળ અરજી અન્વયે** પ્રધાનમંત્રી આવાસ યોજના (Phase - iii,iv,v) અંતર્ગત EWS-૪૪ સુમન સ્મિત ટી.પી.સ્કીમ નંબર–૪૩ (ભીમરાડ) એફ.પી.૧૦૯ અન્વયે **તા.૨૬/૧૨/૨૦૨૪ થી ફાળવાયેલ** ફલેટના લાભાર્થીની વિગત લાભાર્થી નામ, જાતિ (GEN,SC,ST,OBC), મો.નંબર, ફલેટ નંબર, ફોર્મ અરજી નંબર તથા ID નંબર ની માહિતી માંગેલ. પરંતુ **અપીલ તબકકે** આપે EWS-૪૪ સુમન સ્મિત ટી.પી.સ્કીમ નંબર–૪૩ નો **પ્રથમ કોમ્પ્યુટરાઈઝડ ડ્રો થયાના આજ દિન સુધી** માંગેલ માહિતી મળી નથી તેમ જણાવેલ. મૂળ અરજી તબકકે કરેલ અરજી તેમજ પ્રથમ અપીલ તબકકે કરેલ અરજીમાં વિસંગતતા જણાય છે. જે ઘ્યાને લેતા મૂળ અરજી સંદર્ભે માંગેલ તા.૨૬/૧૨/૨૦૨૪ થી ફાળવાયેલ ફલેટના લાભાર્થીની વિગત લાભાર્થી નામ, જાતિ (GEN,SC,ST,OBC), મો.નંબર, ફલેટ નંબર, ફોર્મ અરજી નંબર તથા ID નંબર ની માહિતી પત્ર નં.એફો.હા.સેલ/૧૭૫૧ તા.૧૬/૧૦/૨૦૨૫ થી નમુના–ગ માં પૂરી પાડેલ માહિતી યોગ્ય અને નિયમાનુસારની જણાય છે. |

**–: હુ ક મ :–**

આપની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

ઉપરોક્ત હકીકત ધ્યાને લેતા મજકુર ધ્વારા માંગવામાં આવેલ અરજીની માહિતીના મુદ્દાની વિગત જોતા માંગવામાં આવેલ માહિતી સંદર્ભે એફોર્ડેબલ હાઉસીગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર દ્વારા લાગત માહિતી માટેપત્ર નં.એફો.હા.સેલ/૧૭૫૧ તા.૧૬/૧૦/૨૦૨૫ થી નમુના–ગ થી માહિતી/પુર્તતા પુરી પાડવામાં આવેલ. અરજદારે **મૂળ અરજી અન્વયે** પ્રધાનમંત્રી આવાસ યોજના (Phase - iii,iv,v) અંતર્ગત EWS-૪૪ સુમન સ્મિત ટી.પી.સ્કીમ નંબર–૪૩ (ભીમરાડ) એફ.પી.૧૦૯ અન્વયે **તા.૨૬/૧૨/૨૦૨૪ થી ફાળવાયેલ** ફલેટના લાભાર્થીની વિગત લાભાર્થી નામ, જાતિ (GEN,SC,ST,OBC), મો.નંબર, ફલેટ નંબર, ફોર્મ અરજી નંબર તથા ID નંબર ની માહિતી માંગેલ પરંતુ **અપીલ તબકકે** અરજદારે EWS-૪૪ સુમન સ્મિત ટી.પી.સ્કીમ નંબર–૪૩ નો **પ્રથમ કોમ્પ્યુટરાઈઝડ ડ્રો થયાના આજ દિન સુધી** માંગેલ માહિતી મળી નથી તેમ જણાવેલ. સદર અપીલ અરજી અન્વયે અરજદારને રૂબરૂ સુનાવણી દરમ્યાન મૂળ અરજી તબકકે કરેલ અરજી તેમજ અપીલ અરજી તબકકે કરેલ વિસંગતતા બાબતે વિસ્તૃત ચર્ચા/વિચારણા કરવામાં આવેલ. જે ઘ્યાને લેતા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(એર્ફોડેબલ હાઉસીગ સેલ) ધ્વારા પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય અને નિયમાનુંસારની જણાતી હોય, પ્રસ્તુત અપીલ અરજી પરત્વે વધુ કોઈ માહિતી પુરી પાડવાની કે કાર્યવાહી કરવાનું જરુરી જણાતુ નહી હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

વધુમાં આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

એફો.હા.સેલ. આ.નં./૧૮૮૧
તા.૦૬/૧૨/૨૦૨૫

**( એમ.પી. ભીટોરા )**
**એપેલેટ અધિકારી અને**
**પર્સોનેલ ઓફીસર,**
**એફોર્ડેબલ હાઉસીંગ સેલ**

**નકલ રવાના:** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફો.હા.સેલ) પ્રતિ...... જાણ માટે.
**નકલ રવાના:** નોડલ ઓફિસરશ્રી (આર.ટી.આઈ.સેલ) પ્રતિ.... જાણ માટે.
**નકલ રવાના:** શ્રી રાહુલ રાજુભાઈ સુરાસે ......પ્રતિ.... જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફોન નં. ૬૩૫૯૯૦૬૮૯૧ | | એફોર્ડેબલ હાઉસીગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ધાસ્તીપુરા, સુરત–૩. |


**અપીલ અરજી નં. ૦૪/૨૫–૨૬**

**અરજદાર :** શ્રી લાઠીયા હિરેન કિશોરભાઈ
**સામાવાળા :** સેકશન ઓફીસર ( એફોર્ડેબલ હાઉસીગ સેલ ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ**– લાઠીયા હિરેન કિશોરભાઈ ની આર.ટી.આઈ. એકટ હેઠળની તા.૦૮/૦૧/૨૦૨૬ ની અરજી આઈ.ડી.નં.–૭૨ (એફોર્ડેબલ હાઉસીગ સેલ) સંદર્ભે કરેલ અપીલ બાબત.
**સંદર્ભ**ઃ–અરજદાર મજકુરની તા. ૨૧/૦૨/૨૦૨૬ની અપીલ અરજી
નં. **No.SMC/AFO/FAP/04/25-26.**

અરજદાર શ્રી લાઠીયા હિરેન કિશોરભાઈ એ તેની મુળ અરજી તા.૦૮/૦૧/૨૦૨૬ના રોજ કરેલ આઈ.ડી.નં. ૭૨થી મુદ્દા નં.૧ થી ૦૪ ની માહિતી માંગેલ. જે સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર (ડિપાર્ટમેન્ટ ઓફ એફોર્ડેબલ હાઉસીગ) તરફથી અત્રેના વિભાગને તા.૧૫/૦૧/૨૦૨૬ ના રોજ મુદ્દા નં. ૧ અને ૪ ની સંપૂર્ણ માહિતી માટે તબદીલ કરવામાં આવેલ છે. સદર માંગવામાં આવેલ માહિતી સંદર્ભે અત્રેના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(એફોર્ડેબલ હાઉસીગ સેલ) દ્વારા પત્ર નં.એફો.હા.સેલ/૨૩૦૫ તા.૧૬/૦૨/૨૦૨૬ થી નમુના–ગ માં દર્શાવ્યા મુજબ જવાબ/પુર્તતા નિયત સમય મર્યાદામાં પુરી પાડવામાં આવેલ છે.

ઉપરોકત નમુના–ગ થી પૂરી પાડવામાં આવેલ માહિતી સંદર્ભે અરજદાર દ્વારા અપીલ તબકકે આપેલ ફરીયાદ અરજી પર મુળ અરજીથી માંગવામાં આવેલ માહિતી સંદર્ભે પૂરી પાડવામાં આવેલ પુર્તતા થી નારાજ થઈ માંગ્યા મુજબની માહિતી આપવામાં આવી નથી, તેમ જણાવી પ્રથમ અપીલ દાખલ કરેલ છે.

પ્રથમ અપીલ કરી દાદ માંગેલ છે. જે લાગત રજુઆત બાબતે ખાતાકીય પૂર્તતા નીચે દર્શાવ્યા મુજબ છે.

| **અપીલ તબકકે અરજદારની રજુઆત** |
|---|
| સુમન નિવાસ T.P.No.25, F.P.No.147, EWS-I ટાઈપ EWS-16 મોટા વરાછા, ડી–માર્ટ પાસે આવેલ આવાસના લાભાર્થીને મળેલા મકાનનાં ૦૭(સાત) વર્ષ પૂર્ણ થયા બાદ ખરીદ–વેચાણ તથા ભાડે આપવા અંગેના સંપૂર્ણ નિયમો જણાવવા વિનંતી. |

ઉપરોકત અપીલ સંદર્ભે અત્રેના પત્ર નં.એફો.હા.સેલ.આ.નં.૧૬ તા.૦૧/૦૪/૨૦૨૬ના રોજ પત્ર પાઠવી તા.૦૪/૦૪/૨૦૨૬ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે અત્રેની કચેરીએ અપીલ અધિકારી સમક્ષ રૂબરૂ સુનવણી રાખવામાં આવેલ, પરંતુ અરજદાર તા.૦૪/૦૪/૨૦૨૬ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે અત્રેની કચેરીએ અપીલ અધિકારી સમક્ષ રૂબરૂ સુનવણીમાં હાજર ન રહેતા, તા.૦૯/૦૪/૨૦૨૬ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે ફરી સુનવણી રાખવામાં આવેલ, જે અન્વયે અરજદારે પોતાની રજુઆત નીચે મુજબ રજુ કરેલ છે.

| **અપીલ સુનવણી તબકકે અરજદારની રજુઆત** |
|---|
| તા. ૦૯/૦૪/૨૦૨૬ ના રોજ પ્રથમ અપીલના અનુસંધાને અમે માંગેલ માહિતી પ્રથમ અપીલ અધિકારીશ્રી પાસેથી યોગ્ય તથા સ્પસ્ટ આપવામાં આવેલ છે. |

| | | | |
|---|---|---|---|
| | ફોન નં. ૬૩૫૯૯૦૬૮૯૧ | | એફોર્ડેબલ હાઉસીંગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ઘાસ્તીપુરા, સુરત–૩. |

| **અપીલ તબકકે પુર્તતા** |
|---|
| અરજદાર ધ્વારા માંગવામાં આવેલ ઉપરોકત અપીલ તબકકેની માહિતી સંદર્ભે SMCની સ્થાયી સમિતિની તા.૬/૦૭/૨૦૧૭નાં રોજ મળેલ  સામાન્ય સભામાં જે ઠરાવ પસાર થયો હતો તે માહિતી અપાયેલ છે, જે માહિતી પત્ર નં .એફો.હા.સેલ/૨૩૦૫, તા.૧૬/૦૨/૨૦૨૬ થી નમુના–ગ માં પૂરી પાડેલ માહિતી યોગ્ય અને નિયમાનુસારની જણાય છે. |

**–: હુ ક મ :–**

આપની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

ઉપરોકત હકીકત ધ્યાને લેતા મજકુર ધ્વારા માંગવામાં આવેલ અરજીની માહિતીના મુદ્દાની વિગત જોતા માંગવામાં આવેલ માહિતી સંદર્ભે એફોર્ડેબલ હાઉસીંગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર દ્વારા લાગત માહિતી માટે પત્ર નં .એફો.હા.સેલ/૨૩૦૫, તા.૧૬/૦૨/૨૦૨૬ થી નમુના–ગ થી માહિતી/પુર્તતા  પુરી પાડવામાં આવેલ, સદર મુદ્દા અન્વયે અરજદારને રૂબરૂ સુનાવણી દરમ્યાન અપીલ અરજી તેમજ અપીલ સુનવણી તબકકેની રજુઆત બાબતે વિસ્તૃત ચર્ચા/વિચારણા કરી પુરતી સમજ આપવામાં આવેલ. જે ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(એર્ફોડેબલ હાઉસીંગ સેલ) ધ્વારા પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય અને નિયમાનુંસારની જણાતી હોય, પ્રસ્તુત અપીલ અરજી પરત્વે વધુ કોઈ માહિતી પુરી પાડવાની કે કાર્યવાહી કરવાનું જરુરી જણાતુ નહી હોય અપીલ અરજી દફતરે કરી નિકાલ કરવામાં  આવે છે.

વધુમાં આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

એફો.હા.સેલ. આ.નં./૮૭
તા.૧૦/૦૪/૨૦૨૬

**( એમ.પી. ભીટોરા )**
**એપેલેટ અધિકારી અને**
**પર્સોનેલ ઓફીસર,**
**એફોર્ડેબલ હાઉસીંગ સેલ**

**નકલ રવાનાઃ** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફો.હા.સેલ) પ્રતિ…… જાણ માટે.
**નકલ રવાનાઃ** નોડલ ઓફિસરશ્રી (આર.ટી.આઈ.સેલ) પ્રતિ…. જાણ માટે.
**નકલ રવાનાઃ** શ્રી લાઠીયા હિરેન કિશોરભાઈ પ્રતિ…. જાણ માટે.